# ભિલોડામાંથી રૂ. ૮૫,૦૦૦ ભરેલી થેલી અજાણ્યા તસ્કરો ચોરી કરી પલાયન

ભિલોડા,તા.૪

ભિલોડાના હાર્દસમા બજાર વિસ્તારમાં આવેલ તાલુકા પંચાયત કચેરી સામે રાકેશ ઈલેક્ટ્રીક સ્ટોર્સની દુકાન પાસે અજાણ્યા તસ્કરોએ રૂા.૮૫,૦૦૦/-ભરેલી કપડાની થેલીની ઉઠાંતરી કરી અજાણ્યા તસ્કરો પલાયન થઈ ગયા હતા.

ભિલોડા પોલીસ સ્ટેશન પી. એસ. ઓ. ઈન્દુબેન ગામેતીના જણાવ્યા મુજબ ભિલોડા તાલુકાના ખેરાડી ગામના અમરતભાઈ શીવાભાઈ પટેલ, મહેરૂ હાઈસ્કુલમાં મદદનીશ શિક્ષક તરીકે ફરજ બજાવી રહ્યા છે તેઓ ભિલોડા તાલુકા મથક ખાતે ખરીદી અર્થે આવ્યા હતા ત્યારે બેંકમાંથી રૂા.૮૫,૦૦૦/- રોકડા ઉપાડી તાલુકા પંચાયત સામે બાઈક પાર્ક કર્યુ હતું ત્યારે કોઈ અજાણ્યા ચોર ઈસમોએ બાઈકના સ્ટેરીંગ ઉપર ગંદો પદાર્થ લગાવ્યો હતો ત્યારે બાઈક ચાલક સ્ટેરીંગ ઉપરનો ગંદો પદાર્થ ધોવા માટે પાણી લેવા ગયા હતા ત્યારે રૂપિયા ભરેલી કપડાની થેલી નીચે મુંકી હતી ત્યારે અજાણ્યા તસ્કરોએ રૂા.૮૫,૦૦૦/- ભરેલી કપડાની થેલીની ઉઠાંતરી કરી અજાણ્યા ચોર ઈસમો પલાયન થઈ ગયા હતા. ભિલોડા તાલુકાના ખેરાડી ગામના અરમતભાઈ શીવાભાઈ પટેલએ રૂા.૮૫,૦૦૦/- ભરેલી થેલીની ઉઠાંતરી સંદર્ભે અજાણ્યા તસ્કરો વિરૂધ્ધ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતાં પોલીસએ અજાણ્યા તસ્કરો વિરૂધ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. ભિલોડા તાલુકામાં પોલીસ તંત્રની ઢીલી નીતીના કારણે તસ્કરોને મોકળુ મેદાન મળ્યું હોવાનું લોકમુખે ચર્ચાય છે.



## સલ્લા દૂધ મંડળી સામે દૂધ ઢોળી ઠાકોર સમાજે જતાવ્યો વિરોધ

પાલનપુર તાલુકાના સલ્લા ગામમાં બનાસડેરી સંચાલિત દૂધ મંડળી આવેલી છે. જ્યાં ઠાકોર સમાજના લોકોના જણાવ્યા મુજબ તેઓનું દૂધ બંધ કરાયું છે. જેને લઈને આજે ઠાકોર સમાજના લોકોએ હોબાળો મચાવ્યો હતો. લોકોએ સલ્લા ગામની દૂધ મંડળી સામે દૂધ ઢોળી વિરોધ જતાવ્યો હતો. ઠાકોર સમાજના લોકોએ મંડળીને ઘેરાવ કરી પોતાનો રોષ ઠાલવ્યો હતો.

# મોડાસા સહયોગ બાયપાસ ચોકડી નજીક ગોઝારો અકસ્માત

### ટ્રક-ટ્રેલર પાછળ મોપેડ સ્કૂટર ઘુસી જતા પિતા-પુત્રનુ ઘટનાસ્થળે કરૂણ મોત









મોડાસા, તા. ૫

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા સહયોગ બાયપાસ ચોકડી નજીક શામળાજી-ગોધરા હાઈવે પર મંગળવારે મોડી રાત્રીએ ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. સહયોગ બાયપાસ ચોકડી નજીક બંધ પડેલા ટ્રક-ટ્રેલર પાછળના ભાગે જ્યુપીટર સ્કૂટર લઈ પુત્ર સાથે પસાર થતા પિતાને અંધારામાં ન દેખાતા ધડાકાભેર અથડાતા પિતા-પુત્રના શરીરે ગંભીર ઈજાઓ થતા ઘટનાસ્થળે જ કમકમાટીભર્યુ મોત નિપજ્યુ હતુ. અકસ્માતના પગલે આજુબાજુથી દોડી આવેલા લોકોએ ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સને જાણ કરતા તાબડતોબ આવી પહોંચી હતી. અકસ્માતમાં પિતા-પુત્રના મોત થતા દોડી આવેલી મોડાસા ટાઉન પોલીસે અકસ્માતે મોતનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. મોડાસાની જલદર્શન સોસાયટીમાં રહેતા પટેલ પરિવારે યુવાન પુત્ર-પૌત્ર ગુમાવતા આઘાતમાં સરી પડ્યા હતા.

મોડાસાના માલપુર રોડ પર આવેલી જલદર્શન સોસાયટીના રહીશ યુવાન કોમર્સ કોલેજના રમત-ગમત પ્રધ્યાપક અનંત જયંતીભાઈ પટેલ અને તેમનો અઢી વર્ષનો પુત્રને મંગળવારની રાત્રીએ કાળ ભરખી જતા અકસ્માતમાં મોત નિપજ્યુ હતુ. અનંત પટેલ અને તેમના પુત્ર પૃથકને લઈને જ્યુપીટર સ્કૂટર (નં. જીજે૩૧બી.૧૦૧૭)ની સાથે મંગળવારની મોડી રાત્રે આશરે ૧ વાગ્યાની આસપાસ ઘર તરફ પરત ફરી રહ્યા હતા ત્યારે સહયોગ બાયપાસ ચોકડી નજીક રોડ પર ઉભેલી ટ્રક-ટ્રેલર (નં. જીજે. ૫. વાય વાય૯૦૮૧) ઘનઘોર અંધારા અને સામેથી આવતા વાહનોની લાઈટો આંખમાં પડતા ફરી ટ્રક-ટ્રેલર ન દેખાતા ધડાકાભેર ટ્રક-ટ્રેલરની પાછળના ભાગે મોપેડ સ્કૂટર ઘુસી જતા પિતા-પુત્રના શરીરે ગંભીર ઈજાઓ થતા ઘટનાસ્થળે જ પ્રાણપંખેરૂ ઉડી ગયુ હતુ. જ્યુપીટરના આગળના ભાગના ભુક્કેભુક્કા બોલાઈ ગયા હતા. અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ પોલીસને જાણ કરતા ઘટનાસ્થળે દોડી આવેલી પોલીસે પિતા-પુત્રની લાશને પી.એમ. માટે મોકલી આપી હતી. મોડાસા ટાઉન પોલીસે રાજેશભાઈ પટેલની ફરિયાદના આધારે અકસ્માતે મોતનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## રાજ્યના ધોરીમાર્ગ પરથી પસાર થતા વાહનોના પાછળ લાઈટો અને રેડીયમના અભાવે અકસ્માતમાં વધારો

રાજ્ય સહિત અરવલ્લી જિલ્લાના ધોરીમાર્ગ પરથી પસાર થતા વાહનોની પાછલા ભાગે મહત્તમ લાઈટો બંધ હાલતમાં હોય છે. તદ્‌ઉપરાંત ટ્રક, ટ્રેક્ટર, ઊંટલારી સહિતના વાહનોની પાછળ નિયમોનુસાર રેડીયમ લગાવેલ ન હોવાથી અંધારામાં રોડ પરથી પસાર થતા વાહનો દેખાતા ન હોવાથી અકસ્માતની ઘટનાઓ બનતી હોય છે. ટ્રાફીક પોલીસ તંત્ર દ્વારા ટ્રાફીક સપ્તાહ દરમ્યાન રેડીયમ સ્ટીકરો લગાવવાની કામગીરી કરે છે. પરંતુ વર્ષ દરમ્યાન જિલ્લાના માર્ગો પરથી પસાર થતા વાહનોની પાછળ રેડીયમ નિયત પ્રમાણે લગાવેલ છે કે તે તપાસ થતી નથી અને આરટીઓ તંત્ર પણ હપ્તારાજમાં જ રસ હોય તેમ કોઈ જ કાર્યવાહી ન કરતા રાત્રીના સમયે અંધારામાં અકસ્માતની ઘટનાઓમાં વધારો જોવા મળે છે.

## સહયોગ બાયપાસ ચોકડી પર સર્કલ બનાવવાની વારંવાર રજૂઆત છતા સર્કલ ન બનતા અકસ્માતમાં વધારો

મોડાસા સહયોગ બાયપાસ ચોકડી પર વારંવાર સર્કલ બનાવવાની માંગ શહેરના જાગૃત નાગરિકો દ્વારા જવાબદારતંત્ર આગળ રજૂઆત કરવા છતાં તંત્ર દ્વારા સર્કલ અકસ્માતમાં નિર્દોષ લોકોએ જીવ ગુનાવવો પડે છે. મંગળવારે મોડી રાત્રે બનેલો અકસ્માત સહયોગ બાયપાસ ચોકડીથી ૧૦૦ થી ૧૫૦ મીટરના અંતરે જ બન્યો છે ત્યારે જો સર્કલ હોત તો મોપેડ સ્કૂટર ચાલકે ધીમી સ્પીડ કરી હોત તો નજીક ઉભેલા ટ્રક-ટ્રેલર સાથે અથડાતા બચી ગયા હોત.

## અરવલ્લી જિલ્લા ક્ષત્રિય-ઠાકોર સેના દ્વારા અપાયેલ

# દૂધ બંધી એલાનને પોલીસતંત્ર દ્વારા નિષ્ફળ બનાવ્યુ

### શામળાજી અને મુલોજ ગામે ક્ષત્રિય ઠાકોર સેનાના કાર્યકરોની અટકાયત





અરવલ્લી, તા. ૫

ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા રાજ્યના ખેડૂતોના દેવા માફી અંગે ઠેર ઠેર જિલ્લા કલેક્ટર અને મામલતદારોને આવેદનપત્ર આપ્યા બાદ ૮ જુલાઈનો અલ્ટીમેટમ આપવા છતા રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોના દેવા માફી અંગે યોગ્ય પ્રતિસાદ કે ખેડૂતહિતનો નિર્ણય ન લેવાતા આંદોલનને મજબૂત કરવા ૫-૬ જુલાઈએ ઓબીસી એકતા મંચે આપેલા દૂધ બંધીના એલાનને પાટીદારો ઉપરાંત ખેડૂતોએ સૈચ્છિક ટેકો જાહેર કર્યોહતો અને પશુપાલકોને ૫-૬ જુલાઈએ દૂધ દૂધ મંડળીમાં ન ભરાવવા અને દૂધ વહન કરતા વાહનો અટકાવવા નિર્ણય લેવાતા બુધવારે અરવલ્લી જિલ્લા ક્ષત્રિય ઠાકોર સેના દૂધ બંધી અને વાહનો અટકાવી આંદોલન કરે તે પહેલા શામળાજી નજીક આવેલા શીતકેન્દ્ર અને મૂલોજ ગામ નજીકથી કાર્યકરોની અટકાયત કરી દૂધ બંધી એલાનને નિષ્ફળ બનાવ્યુ હતુ. દૂધ બંધી એલાનના પગલે જિલ્લા પોલીસતંત્ર દ્વારા સઘન પેટ્રોલીંગ હાથ ધરાયુ હતુ.

અરવલ્લી જિલ્લા ક્ષત્રિય ઠાકોરે સેનાના પ્રમુખ સંજયજી ઠાકોર અને ૬૦ જેટલા કાર્યકરો દ્વારા શામળાજી નજીક આવેલા શીતકેન્દ્ર પર પહોંચી દૂધ બંધી એલાનના પગલે વાહનો અટકાવે તે પહેલા શામળાજી પોલીસે પ્રમુખ સહિત ૩૦ જેટલા કાર્યકરોની અટકાયત કરી બે કલાક નજરકેદ રખાયા બાદ છોડી દીધા હતા. તદઉપરાંત મોડાસા તાલુકાના મુલોજ નજીક દૂધના ટેન્કરો અને દૂધના વહન કરતા વાહનોને રોકી રાખવા ઉભેલા મૂલોજના અને મેઘરજ તાલુકાના ક્ષત્રિય ઠાકોર સેનાના ૪૦ યુવાનોમાંથી અગ્રણી ૧૦ની અટકાયત કરી થોડા સમય બાદ છોડી મુકાયા હતા. જિલ્લા પોલીસતંત્ર દ્વારા ઓએસએસએ આપેલા દૂધ બંધીના એલાનને નિષ્ફળ બનાવવા સક્રિય ભૂમિકા ભજવી હતી.

અરવલ્લી જિલ્લા ક્ષત્રિય-ઠાકોર સેનાના પ્રમુખ સંજયજી ઠાકોર દ્વારા સુનોખ ગામે પશુપાલકો અને ખેડૂતોને ખેડૂતોના દેવા માફી અંગે સમજાવી દૂધ બંધીમાં સહકાર આપવાનુ જણાવતા સુનોખ ગામના લોકોએ દૂધ દૂધ મંડળીમાં ભરાવવાથી અળગા રહી ટેકો આપ્યો હોવાનુ જણાવ્યુ હતુ.

# હિંમતનગર ખાતે સમસ્ત બ્રહ્મ સમાજનો જીવનસાથી પરિચય-પસંદગી સમારોહ યોજાયો

ભિલોડા, તા.૫

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગરમાં ડૉ.નલીનકાન્ત ગાંધી ટાઉનહોલમાં સમસ્ત બ્રહ્મ સમાજનો જીવનસાથી પરીચય-પસંદગી સમારોહ તા.૨ જુલાઈ, રવીવારના રોજ યોજાયો હતો. લગ્ન ઈચ્છુક યુવક,યુવતીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે બેટી બચાવો, બેટી પઢાઓ સુત્રને પણ પ્રતિબિંબિત કરાયું હતું.

પ્રવક્તા ગુજરાત પ્રદેશ ભાજપ, ભરતભાઈ પંડ્યાએ જણાવ્યું હતું કે સમગ્ર વિશ્વના કલ્યાણનો ભાવ સમજનારો સમાજ એટલે બ્રહ્મ સમાજ છે. બ્રહ્મ સમાજએ વિવિધ સમાજોને પણ માર્ગદર્શન આપી સાચી દિશા અને દશા અંગે સુચક સાચા નિર્દેશો આપી બ્રહ્મતત્વની બુધ્ધીમત્તાના દર્શન કરાવ્યા છે. બ્રહ્મ સમાજના તપસ્વીઓએ રાજકીય, સામાજીક, વિજ્ઞાન, શિક્ષણ અને કાનુન ક્ષેત્રે પોતાનું યોગદાન આપી તમામ ક્ષેત્રે એક નવી રાહ ચિંધવાનું કાર્ય કર્યુ છે.લગ્ન ઈચ્છુક યુવક, યુવતીઓને સાંસારીક જીવનમાં સાચા રાહબર થઈ મા-બાપને ભુલ્યા વિના સમર્પીત ભાવથી સાંસારીક જીવન જીવવા ટકોર કરી હતી. ઈન્ટરનેટ ધ્વારા નહી પરંતુ સમસ્ત બ્રહ્મ સમાજ





ધ્વારા આયોજીત જીવનસાથી પરીચય-પસંદગી સમારોહમાં એકબીજાના દિલને જાણી પસંદગી કરવાના બ્રહ્મ સમાજના આ અવસરને બિરદાવ્યો હતો.

આ પ્રસંગે હિંમતનગર સમસ્ત બ્રહ્મ સમાજ પ્રમુખ પ્રફુલ્લભાઈ વ્યાસ, પ્રોજેક્ટ ચેરમેન અતુલભાઈ દિક્ષીત, મહામંત્રી મુકેશભાઈ પી. જાની, પ્રોજેક્ટ કો. ચેરમેન વસંતભાઈ વી. મહેતા, કારોબારી સભ્યો, આમંત્રિત મહેમાનો, હિરેનભાઈ ગોર, વિજયભાઈ પંડ્યા, રશ્મીભાઈ પંડ્યા, બકુલભાઈ પંડ્યા, જયંતભાઈ જોષી, ડૉ.રાજુભાઈ પંડ્યા, સર્વાનંદ ભટ્ટ, હર્ષદભાઈ પાઠક, નિર્મેષભાઈ ત્રિવેદી, ધીમંતભાઈ ભટ્ટ, મિતેષભાઈ ભટ્ટ, પ્રો.રાકેશભાઈ જોષી સહિત બ્રહ્મ સમાજના અગ્રણી આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

યુવક, યુવતીઓના લગ્ન તો સ્વર્ગમાં જ નક્કી થઈ ગયા હોય છે પરંતુ બંન્ને પાત્રોને એકબીજાની નજીક લાવાની એક પુરક ભુમિકા સાથે કાર્યક્રમ દબદબાભેર યોજાયો હતો. હિંમતનગર સમસ્ત બ્રહ્મ સમાજ ધ્વારા આયોજીત જીવનસાથી પરીચય-પસંદગી સમારોહ કાર્યક્રમને સફળ બનાવવા સમસ્ત બ્રહ્મ સાજના આગેવાનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# લાયન્સ ક્લબ ઓફ મોડાસાનો શપથવિધિ સમારોહ યોજાયો

### લાયોનેસ, લાયન્સ શક્તિ, લીઓ અને મેઘરજ ટ્રાયબલ ક્લબની ટીમના સદસ્યોએ શપથ લીધા

મોડાસા, તા. ૫

સમગ્ર દુનિયા અને ભારતદેશમાં સેવાકીય પ્રવૃત્તિઓમાં હંમેશા અગ્રેસર રહેતી અને જરૂરીયાતમંદવાળા બાળકો અને લોકોના દુઃખમાં સહભાગી થવા તેમજ કુદરતી આફતમાં સતત સેવા માટે અગ્રેસર રહેતી જાણીતી લાયન્સ ક્લબની મોડાસા શાખાની શપથવિધિ સમારોહની ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી હતી. તદઉપરાંત લાયોનેસ, લાયન્સ શક્તિ, લીઓ અને મેઘરજ ટ્રાયબલ ક્લબની ટીમના સદસ્યોએ શપથ લીધા હતા.

મોડાસા શહેરમાં સેવાકીય પ્રવૃત્તિો માટે જાણીતી લાયન્સ ક્લબ ઓફ મોડાસાનો શપથવિધિ સમારોહ શનિવારે મોડાસા ચારરસ્તા નજીક આવેલા નગરપાલિકાના ટાઉનહોલ ખાતે યોજાયો હતો. જેમાં લાયન્સ વર્ષ ૨૦૧૭-૨૦૧૮ના 'વી સર્વે'ના સૂત્ર હેઠળ લાયન્સ ક્લબના પાસ્ટ ડીસ્ટ્રીક્ટ ગર્વનર લાયન્સ ધર્મેશ સોનીએ નવી ટીમના પ્રમુખ ભાવેશભાઈ જયસ્વાલ, લાયોનેસ પ્રમુખ જયશ્રીબેન ઉપાધ્યાય, લાયન્સ શક્તિના ગુણવંતીબેન કંસારા, લીઓ પ્રમુખ આશીષ ચૌધરી અને મેઘરજ ટ્રાયબલ લાયન્સના પ્રમુખ દિપકભાઈ રામદેવપુત્રને મલ્ટી મીડિયા પ્રોજેક્ટર સાથે શપથગ્રહણ કરાવી તમામ હોદ્દેદારોને પોતાની જવાબદારી સમજાવી વિવિધ ફિલ્મીસોંગ દ્વારા સમજાવી હતી. આ પ્રસંગે મોડાસાના મેયર વનીતાબેન પટેલ, રીજીયન ચેરમેન પ્રવિણ પરમાર, એડીશનલ કેબીનેટ ટ્રેઝરર ડૉ. ટી.બી. પટેલ, ડી.સી. ડીફ એન્ડ ડમ્બના કમલેશભાઈ પટેલ હાજર રહ્યા હતા.

મોડાસા લાયન્સ ક્લબના મંત્રી તરીકે સુરેશભાઈ પટેલ, સહમંત્રી જય અમીન, ખજાનચી નવીનભાઈ પટેલ અને તેમની ટીમે શપથ ગ્રહણ કર્યા હતા. શપથવિધિ કાર્યક્રમમાં ભૂતપૂર્વ લાયન્સ ક્લબ ઓફ મોડાસાના પ્રમુખ મનુભાઈ પટેલ, લાયોનેસ પ્રમુખ અન્નપૂર્ણાબેન પંડ્યા તેમજ લાયન્સ ક્લબ સોસાયટીના બોર્ડ ઓફ ડીરેક્ટર્સ અને મોડાસા શહેરના અગ્રણીઓ નવીનભાઈ મોદી, બિપીનભાઈ શાહ, વિનોદ શાહ (ચેરમેન નાગરીક બેંક), ભરત પરમાર (અરવલ્લી રેડક્રોસ સોસાયટી ચેરમેન), ડૉ. સંતોષ દેવકર, પંકજભાઈ બુટાલા અને શહેરના અગ્રણીઓ દ્વારા ૨૦૧૭-૧૮ની નવી ટીમ લાયન્સ ક્લબ ઓફ મોડાસાને શુભેચ્છા પાઠવી સેવાકીય પ્રવૃત્તિઓ દ્વારા જિલ્લાના જરૂરીયાતમંદ વાળા લોકો અને ગરીબ બાળકો માટે નિરંતર સેવાઓ આપતા રહેવા આશીર્વાદ પાઠવ્યા હતા. સમગ્ર શપથવિધિ સમારોહનુ સંચાલન ડૉ. દિપ્તીબેન ઉપાધ્યાય અને આભારવિધિ સુરેશભાઈ પટેલે કરી હતી.

## ભિલોડા એન.આર.એ. વિદ્યાલયમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો



ભિલોડા,તા.૫

ભિલોડા જન સેવા સંઘ સંચાલિત એન. આર. એ. વિદ્યાલયના પટ્ટાંગણમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો.આ પ્રસંગે જન સેવા સંઘ પ્રમુખ ગીરીશભાઈ ઉપાધ્યાય, ઉપપ્રમુખ રોહિતભાઈ ત્રિવેદી, ભરતભાઈ ત્રિવેદી, એન. આર. એ. વિદ્યાલય આચાર્ય વી. ટી. ચૌહાણ, મુકેશભાઈ ત્રિવેદી, બલભદ્રસિંહ ચંપાવત, ગણપતભાઈ પંચાલ સહિત સ્ટાફ પરીવાર ઉપસ્થિત રહ્યો હતો. જન સેવા સંઘ પ્રમુખ ગીરીશભાઈ ઉપાધ્યાયએ વિદ્યાર્થીઓને પર્યાવરણની જાળવણી અને વૃક્ષોનું મહત્વ સમજાવ્યું હતું.

## ભિલોડા તાલુકાના રામનગર ગામમાં નવયુવાનો ધ્વારા ઠેર-ઠેર વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો

ભિલોડા,તા.૫

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના રામનગર ગામમાં નવયુવાનો ધ્વારા ઠેર-ઠેર વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો.રામનગર ગામના સંકેતભાઈ ચૌધરીના જણાવ્યા મુજબ રામનગર ગામમાં સાર્વત્રીક મેઘમહેર બાદ નવયુવાનોની ટીમ ધ્વારા વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો.

## ખેડબ્રહ્મા સેવા મંડળીના હોદ્દેદારોની વરણી

ખેડબ્રહ્મા, તા. ૩

ખેડબ્રહ્મા સેવા સહકારી



મંડળીની વ્યવસ્થાપક કમીટીની મીટીંગ સોમવારે ઈન્દ્રસિંહ પી. દેવડાના અધ્યક્ષસ્થાને મળી હતી. જેમાં ચેરમેન તરીકે શામળભાઈ સવજીભાઈ પટેલ (ડીરેક્ટર સાબરકાંઠા બેંક), તથા વાઈસ ચેરમેન તરીકે નટવરભાઈ ધુળીભાઈ પટેલની બીન હરીફ વરણી કરવામાં આવી હતી. પ્રમુખ અને ઉપપ્રમુખ બંને સતત ૧૭ વર્ષથી બીનહરીફ ચુંટાતા આવ્યા છે. નવા વરણી પામેલ બંને હોદ્દેદારોને અરવિંદભાઈ ડી. પટેલ, હીરાભાઈ આર. પટેલ, મહેન્દ્રકુમાર કે. પટેલ તથા કીર્તિકુમાર યુ. જોષી સહીત વ્ય. કમીટીના સભ્યોએ બીરદાવ્યા હતા અને અભિનંદન આપ્યા હતા.

# મેઘરજ તાલુકાના વનબંધુ એટીએમ ચાર માસથી બંધ

### જનતા એટીએમનો દરવાજો જોઈને નિશાસા નાખે છે





મેઘરજ, તા. ૫

મેઘરજ તાલુકાની જનતાની માંગણીના આધારે આદિવાસી વિસ્તારની જનતાને દૂર સુધી જવુ ન પડે તે માટે વનબંધુ યોજના હેઠળ સરકાર દ્વારા રેલ્લાવાડા અને ઈસરી ખાતે એટીએમ શરૂ કરેલ જેથી જનતાને થોડા નાણાં લેવામાં કાર્ડનો ઉપયોગ થયો. ચલણી નોટો ખેંચી લીધા બાદ માંડ ૧ માસ સુધી લાંબા ગાળે પૈસા મળતા હતા પરંતુ છેલ્લા ૪ માસથી એટીએમમાં પૈસા નથી. સીક્યુરીટીની સેવા ચાલુ છે. જનતા એટીએમનો દરવાજો જોઈને નિશાસા નાખે છે અને કહે છે કે સરકારે જનતાને ઉલ્લુ બનાવી દીધા. જોવા આવવા જવાની મુસાફરીના નાણાં વેડફાય, સમય બગડે અને પૈસા મળે નહિ જેથી તાલુકા મથકે જવાનુ અને ત્યાં પણ પૈસા ખલાસ થઈ જાય તો કપાળે હાથ દઈને પાછા આવવાનુ. બોલો, ગરીબોના નાણાં વેડફાય. સમય બગડે અને વાયદો ચૂકી જતા ઉલ્લુ બનવાનુ, આ છે પ્રગતિની નિસરણી.